

## વિજયનગરના ખેરવાડા નજીક ભેખડો ધસી પડી...

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકામાં રાત્રી દરમિયાન સાર્વત્રિક વરસાદના કારણે ભેખડો ધસી પડી ખેરવાડા નજીક વળાંક વાળા રોડ ઉપર અચાનક ડુંગરની ભેખડો ધસી પડતાં વાહનો ચાલકો ભારે મુંઝવણમાં મુકાયા હતા.ઈડર તરફ જતાં રોડ સાઈડમાં ભેખડો ધસી પડતાં આ ધોરીમાર્ગ પર થી અવર જવર કરતાં વાહનો ચાલકોને મુશ્કેલી ઉભી થાય છે. વાહન ચાલકો ને કાળજીપૂર્વક વાહનો ત્યાં થઈ ને પસાર કરવા પડતાં હતા.આ સ્થિતિ ને કારણે અને માટીના ઢગ રોડ ઉપર પથરાઈ જવાના કે આખી રોડ સાઈડ ઢંકાઈ જતા અને વળાંક હોવાથી અચાનક અજાણ્યા વાહન ચાલકોને અકસ્માત સર્જાવાનો ભય તોળાઈ રહ્યો છે.માટી સાથે વિજપોલ પણ આડો થયો છે અને પથ્થર ધસી પડવાની ભીતિ પણ રહેલી હોય છે.મોટી દૂર ઘટના સર્જાય તેવી શક્યતા છે.આ બાબતે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ગંભીરતા દાખવે અને માટી હટાવે એવી માંગ વાહન ચાલકો અને રાહદારીઓ કરી રહ્યા હતા.

## મોસમનો વરસાદ : સાબરકાંઠામાં ૬૨ ટકા, અરવલ્લીમાં ૫૬ ટકા વરસાદ

### વરસાદની ઘટથી એક પણ જળાશય છલકાયુ નથી

બાયડ, તા. ૨૧

ભાદરવી પૂનમની વિદાય થઈ. સાબરકાંઠા જિલ્લામાં ૬૨ ટકા, અરવલ્લીમાં સરેરાશ ૫૬ ટકા વરસાદ વરસતાં વરસાદની વધતી ઘટથી ચિંતા વધી છે. જિલ્લાનું એક પણ જળાશય હજુ સુધી છલકાયું નથી.

સારા ચોમાસા ઉપર નવરાત્રી-દિપાવલી પર્વ કેવું રહેશે તેનો મદાર રહેલો હોય છે. આ વર્ષે તાઉતે વાવાઝોડાએ વરસાદની સારી સીસ્ટમને ખોરવી નાખ્યા પછી ચોમાસુ એકંદરે નબળું પુરવાર થયુ છે. જિલ્લામાં સતત વરસાદની ખેંચ વચ્ચે ભાદરવાના આરંભે સારા વરસાદના કારણે જિલ્લામાં લહેરાતી ૪.૭૦ લાખ હેક્ટર ખરીફ વાવેતરને જીવતદાન મળ્યું છે પરંતુ જળાશયો-તળાવો હજુ ન છલકાતાં સર્વત્ર પાણીનું નબળુ ચિત્ર જોવા મળ્યું છે. અતિ ભારે વરસાદની અગાઉ વચ્ચે ભાદરવાની આંતરા-ચિતરાના તાપ પ્રજાને અકળાવી રહ્યો છે. ઓછો વરસાદ અને મચ્છરજન્ય રોગચાળો વકરતાં પ્રજાની પણ માઠી દશા બેઠી છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી સાબરકાંઠા અરવલ્લીમાં ભારે વરસાદની આગાહી કરી છે તેમાં જિલ્લામાં સરેરાશ ૭ થી ૧૦ ઈંચ વરસાદ ખાબકે તો જળાશયો તળાવની પાણીની ભુખ સંતોષાઈ શકે છે. હાલની સ્થિતિએ વરસાદની ઘટથી ખરીફ વાવેતરને કોઈ સંકટ નથી પરંતુ શિયાળુ-ઉનાળુ ખેતી ઉપર સંકટ મંડરાઈ રહ્યું છે.

**તાલુકાઓમાં વરસાદની ટકાવારી**

| તાલુકો | ટકાવારી |
|---|---|
| હિંમતનગર | ૫૮ |
| ઈડર | ૫૧ |
| ખેડબ્રહ્મા | ૫૧ |
| પોશીના | ૬૦ |
| પ્રાંતિજ | ૬૬ |
| તલોદ | ૬૯ |
| વડાલી | ૬૦ |
| વિજયનગર | ૮૦ |
| બાયડ | ૫૪ |
| ભિલોડા | ૪૩ |
| ધનસુરા | ૬૫ |
| માલપુર | ૪૪ |
| મેઘરજ | ૬૩ |
| મોડાસા | ૬૪ |

### અરવલ્લીમાં અત્ર-તત્ર, દેશી દારૂ સર્વત્ર

## પોલીસના દારૂબંધીના દેખાડા, બંધાણી બરબાદ

અરવલ્લી જિલ્લામાં અત્ર-તત્ર, દેશી દારૂ સર્વત્ર કહેવુ ઉચિત બન્યું છે. પોલીસના હપ્તારાજમાં દેશી દારૂની ભઠ્ઠીઓ રાત-દિવસ ધમધમે છે. જેના કારણે દારૂના બંધાણી બરબાદ થઈ રહ્યા છે. ગામડાઓમાં ક્યાં કોણ, દેશી દારૂ બનાવી વેચે છે તે બીટના જમાદારથી માંડી થાના અમલદારો સુપેરે જાણે છે પણ પોલીસ હપ્તાના ભાર નીચે દબાઈ હોવાથી રેડના નાટક થઈ રહ્યા છે. ગાંધીજીના ગુજરાતમાં પિવાના પાણીની તંગી પડી શકે પરંતુ દેશી-વિદેશી દારૂની રેલમછેલમાં ક્યાંય ખોટ આવતી નથી. અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં તો ગૃહ ઉદ્યોગની જેમ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. દારૂ ગાળવાથી માંડી અખાદ્ય ગોળ અને મહુડાનો જથ્થો ચોક્કસ વેપારીઓ પુરો પાડી રહ્યા છે એ જગજાહેર છતાં પોલીસને એક્શન લેવામાં કોણ રોકી રહ્યું છે ?? એ પ્રજાને સમજાતુ નથી. માત્ર નક્કી કરેલા દિવસોમાં પોલીસ દારૂબંધી માટે બહારવટે ચડતી જોવા મળે છે. જ્યારે બાકીના દિવસોમાં તો બીટના જમાદારો હપ્તાનું સેટીંગ કરી ખિસ્સાં ભરી લેતા હોય છે. દેશી-વિદેશી દારૂના વેચાણમાં ખાલી વર્ધીના આશીર્વાદથી બધુ જ વ્યવસ્થીત ગોઠવાયેલુ છે. જેથી બંધાળીઓ માગે તે બ્રાન્ડનો દેશી-વિદેશી દારૂ આસાનીથી મળી રહ્યો છે. પ્રોહીબેશન રેડ કરવાની હોય તે સમયે માનીતા બુટલેગરોને ચેતવી દેવાના અને જે જગ્યાએ ભરણું મળતુ ન હોય તે સ્થળે દારૂની ભઠ્ઠીઓનો નાશ કરવાનું પોલીસ નાટક કરે છે.

## ઉત્તર ગુજરાતના ૨૪૦૦ તલાટીઓએ પડતર માંગ મુદ્દે જંગ છેડ્યો...

### કાળી પટ્ટી ધારણ કરી વિરોધ શરૂ

બાયડ, તા. ૨૧

ઉત્તર ગુજરાતના ૨૪૦૦થી વધુ તલાટી કમ મંત્રીઓ દ્વારા પડતર માંગ ન સંતોષાતા હવે જંગ છેડ્યો છે. કાળી પટ્ટી ધારણ કરી વિરોધ શરૂ કર્યો છે. રાજ્ય સરકારની પંચાયત વિભાગની મંત્રી સામે આરંભથી જ પડકાર જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્ય તલાટી કમ મંત્રીમંડળ એસોસીએશનની સૂચના અનુસાર સાબરકાંઠા-અરવલ્લી બનાસકાંઠા-પાટણ-મહેસાણા જિલ્લાના તલાટી કમ મંત્રીઓએ સરકાર સમક્ષ વારંવારની રજૂઆત છતાં પડતર માંગનો ઉકેલ આવતો નથી. હવે પડતર માંગનો ઉકેલ ન આવે તો આર-પારના જંગ સાથે લડી લેવાના મક્કમ ઈરાદા સાથે દરેક જિલ્લામાં વિવિધ કાર્યક્રમો શરૂ થયા છે. ગત રોજ તમામ તાલુકા મથકે પંચાયત કચેરી આગળ તલાટી કમ મંત્રીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શીત કર્યો હતો. પડતર માંગણીઓમાં વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની ભરતીમાં નોકરી સળંગ કરવી, મહેસુલી તલાટીઓને પંચાયત તલાટીમાં મર્જ કરવા ઉપરાંત તા. ૧ જાન્યુઆરી-૨૦૧૬ પછી મળવાપાત્ર પગાર ધોરણ મંજૂર કરવા ૨૦૦૬ માં ભરતી થયેલાની સળંગ નોકરી ગણવી, એક કામ એક તલાટીનું મહેકમ ઉપકરણોથી ફરજ પરની હાજરી પુરવાનો નિર્ણય રદ કરવો, આંતર જિલ્લા ફેરબદલી જેવી પડતર માંગણીઓ સત્વરે પુરી કરવી, વિસ્તરણ અધિકારી સરકાર તથા વિ. અધિકારી આંકડામાં પ્રમોશન, પંચાયત વિભાગ સિવાયની કામગીરી ન સોંપવી.




લો કોલેજ, હિંમતનગર ખાતે શુક્રવારના રોજ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ તથા સરકારશ્રી ના માર્ગદર્શન અનુસાર ઓર્ગન ડોનેશન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં કાર્યકર્તા શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ, શ્રી પિનાકીનભાઈ, વક્તા શ્રી જીગ્નેશભાઈ પ્રજાપતિ, શ્રી કલ્પિતભાઈ દવે, કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના કા.આચાર્ય ડૉ. બિનલ પટેલ, પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો.વૈદેહી પંડ્યા તથા ડો.પારસ જોશી હાજર રહેલા. આ કાર્યક્રમમાં મહાનુભાવોએ ઓર્ગન ડોનેશન નું મહત્વ સમજાવેલ અને મૃત્યુ બાદ અથવા બ્રેઈન ડેડ ના કિસ્સામાં અંગદાન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરેલ અને અંગ દાન કરવા તથા તે માટેની જાગૃતિ, પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો અને સ્ટાફ મિત્રો હાજર રહેલા સમગ્ર કાર્યક્રમનું સંચાલન નેક કોર્ડીનેટર ડો.જયપ્રકાશ જાની દ્વારા કરવામાં આવેલ. સ્ટાફ ના સભ્યો તથા વિદ્યાર્થીઓના સહયોગથી આ પ્રોગ્રામ સફળ રહેલ.

## અરવલ્લીમાં ૨૦૦ થી વધુ તળાવો જળ તરબોળની તૈયારીમાં

### સુકાભઠ્ઠ તળાવમાં હિલોળા લેતુ પાણી... : બોર-કૂવા રીચાર્જ થવાથી ખેડૂતોને ફાયદો

બાયડ, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ભાદરવા માસના આરંભ સાથે વરસાદ હાજરી નોંધાવી રહ્યો છે. જેના કારણે ૨૦૦ થી વધુ નાના-મોટા તળાવો જળ તરબોળ થવાની તૈયારીમાં છે. હમણાં સુધી સુકાભઠ્ઠ તળાવોમાં પાણીની આવક થતાં તળાવોમાં પાણી હિલોળા લઈ રહ્યું છે.

જિલ્લામાં તળાવો ઉંડા કરવામાં આવતાં જળસંગ્રહ શક્તિમાં વધારો થયો છે. ચોમાસામાં વરસાદ ખેંચાવાની સ્થિતિમાં તળાવો તળિયાઝાટક બન્યા હતા પરંતુ હવે તળાવોની સ્થિતિ સુધારા પર છે. જિલ્લાના ૬ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસતાં તમામ તળાવોમાં પાણીની ભરપુર આવક થઈ રહી છે.

ગ્રામ્ય વિસ્તારમાં તળાવો પાણીથી છલોછલ થવાની તૈયારીમાં હોવાથી ખેડૂતો-પશુપાલકોમાં આનંદ છવાયો છે. આ સાથે બોર-કૂવા રીચાર્જ થવાથી આગામી શિયાળુ અને ઉનાળુ ખેતીમાં સિંચાઈની સમસ્યા આપોઆપ હલ થઈ છે. જિલ્લામાં સિંચાઈ વિભાગ તેમજ ગ્રામ પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવેલ તળાવો ભરાતાં પશુઓને પિવાના પાણીની ચિંતા હળવી થઈ છે. સારા વરસાદથી મોડાસા તાલુકાના કેશપુરા કંપા અને લીંભોઈ ગામના તળાવને વર્તમાન સિઝનમાં સૌથી વધુ પાણીનો ફાયદો થયો છે. જ્યારે અન્ય તળાવો પણ આગામી ટુંક જ સમયમાં છલકાઈ જવાની તૈયારીમાં હોવાનું જાણવા મળ્યું છે.

## બોર્ડ ચૂંટણી : ઉત્તર ગુજરાતમાં જામ્યો ખરાખરીનો જંગ

### મની-મશલ્સ પાવરના ઉપયોગની આશંકા વધી

આગામી તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ૮ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. બોર્ડ દ્વારા ચૂંટાઈ આવતા સભ્યોની પાંખો કાપી નાખતાં માત્ર ૯ બેઠકો ઉપર ચૂંટણી થવાની છે ત્યારે ઉત્તર ગુજરાતમાં ઉમેદવારો અને તેમના ટેકેદારો ગામડાં ખૂંદી મતદારોને આકર્ષવાના પ્રયત્ન કરતાં બોર્ડની ચૂંટણી જંગમાં મની-મશલ્સ પાવરના ઉપયોગની આશંકા વધી છે.

બોર્ડમાં હવે મોટા ભાગના બોર્ડ સભ્યોનું ઉપજતુ નથી. જેમનું ઉપજે છે તેમને નવો રસ્તો નિકાળી બહારનો માર્ગ બતાવાય છે. અત્યાર સુધી બોર્ડમાં ૨૬ સભ્યો વિવિધ સંવર્ગમાં ચૂંટાતા હતા પરંતુ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરકસર વહીવટના નેજા હેઠળ તમામ સંવર્ગની સમગ્ર રાજ્યની ૧-૧ બેઠક કરી દેતાં સંચાલક મંડળ, આચાર્ય, વાલીમંડળ, મા. અને ઉ.મા. શિક્ષક સહીતની સંવર્ગમાં તિવ્ર સ્પર્ધા યોજાઈ છે. રાજ્યના બે માન્ય શાળા સંચાલક મંડળોમાં પણ તળાં પડ્યાં છે અને કેટલાક ઉમેદવારોએ માન્ય ઉમેદવારો સામે બળવો કરી ચૂંટણી જંગમાં ઝંપલાવતાં આ વખતનો ચૂંટણી જંગ વધુ રસાકસીભર્યો બની રહેશે. આગામી તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે શાળાઓ અને વિવિધ સંચાલકોના ત્યાં ઉમેદવાર તરફી પ્રચાર માટે ધાડેધાડાં ઉમટી રહ્યાં છે.

## બાયડમાં કોરોના રસીના બે ડોઝ લીધા વગર પ્રમાણ પત્ર આવ્યું, સંકલનનો સદંતર અભાવ

બાયડની હરી પાર્ક સોસાયટીમાં રહેતા જયશ્રી બેન પરમારે કોરોના રસીનો બીજો ડોઝ લીધો ન હોવા છતાં પ્રમાણ પત્ર આવતા અચંબિત થયા છે. જિલ્લામાં કોરોના રસીકરણ દરમિયાન અનેક છબરડા બહાર આવી રહ્યા છે આરોગ્ય કર્મીઓની સારી કામગીરી ઉપર જગજાહેર આંગળી ચિંધાઈ રહી છે સોફ્ટવેર ના છબરડા ના કારણે કેટલાક કિસ્સાઓમાં વેક્સિનેશન તમાશા રૂપ બની રહ્યું છે જાણવા મળ્યા મુજબ બાયડના સોસાયટી વિસ્તારમાં રહેતા મહિલાએ કોરોના રસીનો બીજોડોઝ લીધો નથી પરંતુ આશ્ચર્ય વચ્ચે તેમને બીજોડોઝ લીધો છે અને તેનું પ્રમાણ પત્ર પણ આવીનવાઈ પામે છે બાયડ તાલુકામાં છેલ્લા બે દિવસથી તમે કોરોના રસી નો બીજો ડોઝ લીધો કે નહીં તેની પૂછપરછના ફોન ચાલુ થયા છે અને હવેછબરડા વળી રહ્યા છે.



હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે છેલ્લા નવ માસથી તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવનાર રણજીતસિંહ મકવાણાની તાજેતરમાં પ્રાંતિજ તાલુકાના સદાના મુવાડા ગામે બદલી થતાં સ્થાનિક પેઢમાલા યુવા સંગઠન તેમજ ગ્રામજનો દ્વારા તેમનો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સરપંચ દિલીપભાઈ પટેલ તેમજ યુવા સંગઠનના કાર્યકર્તાઓ દ્વારા સાલ ઓઢાડી સન્માનિત કરી તેમની સેવાઓને બિરદાવી હતી.

## મેઘરજ તાલુકામાં મચ્છરજન્ય રોગચાળાનો ઉપદ્રવ વધ્યો

### મેઘરજ તાલુકામાં ડેંન્ગ્યુ રોજના એક થી બે કેસ બહાર આવે છે

મેઘરજ તાલુકામાં ડેંન્ગ્યુ એ માથુ ઉચક્યુછે તંત્રના પોકળ દાવાઓ વચ્ચે ડેંન્ગ્યુનો રોગ ચાળો વકરતાં તંત્ર સામે સવાલો ઉભાથયાછે ત્યારે મેઘરજ તાલુકામાં રોજના એક થી બે ડેન્ગ્યુના કેસો બહાર આવતાં લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

મેઘરજ તાલુકામાં કોરોનાની બીજી લહેર હવે શાન્ત થઈ છે ધીરે ધીરે જન જીવન હવે પાટા ઉપર આવી રહ્યુ છે ત્યારે મેઘરજ તાલુકામાં સામાન્ય વરસાદ અને સતત વાદળ છાયા વાતાવરણ ને લઈને મર્છર જન્ય રોગો અને વાયરલ તાવએ માથુ ઉચક્યુછે મેઘરજ નગર અને ગ્રામીણ વિસ્તારોમાં છેલ્લા એક મહીના થી વાયરલતાવ અને ડેંન્ગ્યુએ માથુ ઉચક્યુછે જેમાં મેઘરજ નગરના વિવીધ વિસ્તારો અને તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં અસંખ્ય લોકો તાવ માં સપડાયાછે ગ્રામીણ વિસ્તારોમાં છેલ્લા એક અઠવાડીયા થી રોજ એક થી બે કેસ ડેંન્ગ્યુના બહાર આવીરહ્યાછે ત્યારે આરોગ્ય તંત્ર ડેંન્ગ્યુ સહિતના મર્છર જન્ય રોગ ચાળાને ડામવામાં નિષ્ફળ ગયુ હોવાની બુમો ઉઠીછે મેઘરજ નગરની પ્રાઈવેટ હોસ્પિટલો દર્દીઓથી હાઉસફુલ થઈ ગઈછે પરંતુ તંત્રને જાણે કોઈની પરવાહજ નાહોય તેમ અનેકવાર લોકોની અનેક રજુઆતો છતાં દવા છંકાવ કે ફોગીંગ ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં નથી આવીરહ્યુ તાલુકામાં એકજ માસમાં ૪૦ થી વધુ ડેંન્ગ્યુના કેસ બહાર આવ્યાછે મેઘરજ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં મર્છરોની દવા કે ફોગીંગ કરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ ઉઠી છે.

## બે પગવાળા ભેંસના બચ્ચાના જન્મને લઈ પ્રજામાં કુતૂહલ...

કળિયુગના સમયમાં માનવીતો અનેક ભૂલો કરે છે પરંતુ કુદરત જ્યારે માનવી કે પ્રાણીના સર્જનમાં અંગો મૂકવામાં ભૂલ કરે ત્યારે માનવ હોય કે પછી પશુ એમના માટે જીવન જીવવું કપરું બની જાય છે. આજ વાતને સમર્થન કરતો બનાવ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેના વાવડી ગામે બનતા પ્રજામાં ભારે અચરજ સાથે આશ્ચર્ય ઊભું થયું છે. વાવડી ગામે પશુપાલન અને ખેતી કામ કરતા મહેશભાઈ રેવાભાઈ લેઉઆના ઘરે પોતાની પાલતુ ભેંસ વિવાતા આગળના બે પગ વગરના પાડાને ભેંસે જન્મ આપેલ છે. બચ્ચું આગળના બે પગ સિવાય બધા જ અંગો સાથે તંદુરસ્ત અવસ્થામાં છે. આગળના પગ વગરનું બચ્ચું મોટું થયા બાદ પાછળના બે પગે કાંગારૂની જેમ ચાલશે કે મનુષ્યની જેમ ચાલશે એ લોકોમાં કુતૂહલ સાથે ભારે ચર્ચાસ્પદ બન્યું છે. સ્થાનિક ગામલોકોને આ બનાવની જાણ થતાં આ વિચિત્ર દેખાતા ભેંસના જન્મેલા પડાને જોવા લોકો ઉમટયા હતા.





વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે આવેલ ઝાલા બાવજી મંદિર પરિસરમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ પ્રમુખ આલુસિંહ ઝાલા, તાલુકા સદસ્ય દક્ષાબેન પટેલ વગેરે ભાજપા કાર્યકર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

**શ્રી મયંકકુમાર આર. પટેલ, જી.એ.એસ., નાયબ કલેક્ટર, મોડાસા વિભાગ, મોડાસાની કોર્ટમાં**

નં. જન્મ-મરણ/અપીલ/કેસ નં.૦૭/૨૦૨૧

વિવાદી :- ૧. **જશોદાબેન સોમાભાઈ પટેલ**
**રહે. રડોદરા, તા. બાયડ, જિ. અરવલ્લી**

**વિરૂદ્ધ**

પ્રતિવાદી :- ૧. **જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**સાયરા ગ્રામ પંચાયત કચેરી, સાયરા, તા. મોડાસા, જિ. અરવલ્લી**

વિષય : **જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી. મોજે. સાયરા, તા. મોડાસાની જન્મ-મરણ નોંધણી અધિકાનીયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદ અરજી.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તા. ૭/૭/૨૦૨૧ની અરજીથી અરજદારશ્રી જશોદાબેન સોમભાઈ પટેલનો જન્મ તા. ૧/૯/૧૯૬૩ના રોજ મુ. સાયરા, તા. મોડાસા, જિ. અરવલ્લી મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી તા. ૭/૧૦/૨૦૨૧ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે દૈનિક વર્તમાનપત્રમાં સદર જાહેર નોટીસની તા. ૨૨/૯/૨૦૨૧ સુધીમાં પ્રસિદ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૧૮/૯/૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુ કરી.

**સહી/-**
**સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ**
**મોડાસા વિભાગ, મોડાસા**